# ગુજરાત સ્ટેટ એલિજીબીલિટી ટેસ્ટ

## GSET અભ્યાસક્રમ

વિષય : દર્શનશાસ્ત્ર / તત્વજ્ઞાન                                        કોડ નં : ૨૨

**એકમ - ૧ : પ્રશિષ્ટ ભારતીય : જ્ઞાનમીમાંસા અને તત્ત્વમીમાંસા**

- **વૈદિક અને ઔપનિષદિક :** ઋત – વિશ્વ વ્યવસ્થા, દૈવી અને માનવીય ક્ષેત્રો; યજ્ઞ સંસ્થાની કેન્દ્રિયતા (આહુતિ અને બલિ), સૃષ્ટિના સિદ્ધાંતો, આત્મા – સ્વ (અને અનાત્મા), જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય – ચાર અવસ્થા; બ્રહ્મ.
- **ચાર્વાક :** એકમાત્ર પ્રમાણ તરીકે પ્રત્યક્ષ; અનુમાન અને શબ્દની સમીક્ષા; ઉપબનાવ તરીકે ચેતના.
- **જૈન દર્શન :** વાસ્તવિકતાની સંકલ્પના – સત્, દ્રવ્ય, ગુણ, પર્યાય, જીવ, અજીવ, અનેકાંતવાદ, સ્યાદ્વાદ અને નયવાદ; જ્ઞાનમીમાંસા.
- **બૌદ્ધ દર્શન :** ચાર આર્ય સત્ય, અષ્ટાંગિક માર્ગ, બ્રાહ્મણ અને શ્રમણ પરંપરા વચ્ચેનો ભેદ. પ્રતીત્યસમુત્પાદ, ક્ષણભંગવાદ, અનાત્મવાદ. બૌદ્ધ દર્શનના સંપ્રદાયો : વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર, માધ્યમિક; અને તિબેટીયન બૌદ્ધ દર્શન.
- **ન્યાય :** પ્રમા અને અપ્રમા, પ્રમાણના સિદ્ધાંતો: પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ. હેત્વાભાસ. ઈશ્વરની સંકલ્પના. પ્રમાણ-વ્યવસ્થા અને પ્રમાણ-સંપ્લવ અંગે બૌદ્ધ અને ન્યાય વચ્ચેનો વિવાદ. અન્યથાખ્યાતિ.
- **વૈશેષિક :** પદાર્થની વિભાવના અને તેના પ્રકારો; અસત્કાર્યવાદ; કારણના પ્રકારો : સમવાયી, અસમવાયી, અને નિમિત્ત કારણ; પરમાણુકારણવાદ.
- **સાંખ્ય :** સત્કાર્યવાદ, પ્રકૃતિ અને તેના વિકારો (ઉદ્ભુતો); પ્રકૃતિના અસ્તિત્વ માટેના તર્ક; પુરુષનું સ્વરૂપ; પુરુષના અસ્તિત્વ અને તેની બહુલતા માટેના તર્કો-વિચારણા; પુરુષ અને પ્રકૃતિનો સંબંધ; નિરીશ્વરવાદ.
- **યોગ :** પતંજલિનો પ્રમાણનો સિદ્ધાંત, ચિત્ત અને ચિત્તવૃત્તિની વિભાવના; ચિત્તભૂમિના સ્તર, યોગમાં ઈશ્વરની વિચારણા.
- **પૂર્વ-મીમાંસા :** પ્રામાણ્યવાદ : સ્વતઃપ્રામાણ્યવાદ અને પરતઃપ્રામાણ્યવાદ; શ્રુતિ અને તેનું મહત્ત્વ; શ્રુતિ-વાક્યોનું વર્ગીકરણ, વિધિ, નિષેધ અને અર્થવાદ; ધર્મ, ભાવના, શબ્દ-નિત્યવાદ, જાતિ, શક્તિવાદ; મીમાંસાના કુમારિલ અને પ્રભાકર સંપ્રદાયો અને તેમના મુખ્ય મતભેદો; ત્રિપુટી-સંવિત્; જ્ઞાતતા, અભાવ અને અનુપલબ્ધિ; અન્વિતાભિધાનવાદ – અભિહિતાન્વયવાદ; ભ્રમના સિદ્ધાંતો : અખ્યાતિ, વિપરીતખ્યાતિ, નિરીશ્વરવાદ.

- **વેદાંત :**
- **અદ્વૈત :** બ્રહ્મ; બ્રહ્મ અને આત્મા વચ્ચેનો સંબંધ; સત્તાનાં ત્રણ સ્તરો; અધ્યાસ, માયા, જીવ; વિવર્તવાદ; અનિર્વચનીય-ખ્યાતિ.
- **વિશિષ્ટાદ્વૈત :** સગુણ બ્રહ્મ; માયાનું ખંડન; અપૃથક્સિદ્ધિ પરિણામવાદ; જીવ, ભક્તિ અને પ્રપત્તિ; બ્રહ્મ-પરિણામવાદ, સત્-ખ્યાતિ.
- **દ્વૈત :** નિર્ગુણ બ્રહ્મ અને માયાનો અસ્વીકાર; ભેદ અને સાક્ષી; ભક્તિ.
- **દ્વૈતાદ્વૈત :** જ્ઞાનસ્વરૂપની સંકલ્પના; અચેતન (નિર્જીવ) ના પ્રકારો
- **શુદ્ધાદ્વૈત :** અવિકૃત-પરિણામવાદની સંકલ્પના.

**એકમ - ૨ : પ્રશિષ્ટ પાશ્ચાત્ય : પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક : જ્ઞાનમીમાંસા અને તત્ત્વમીમાંસા**

**સોક્રેટિસ પૂર્વેના દાર્શનિકો :** થૅલૅસ, એનેક્ઝાગોરસ, એનેક્સિમેનીઝ, આયોનિઅન્સ, પાયથાગોરસ, પારમેનાઇડીઝ, હેરાક્લિટસ અને ડેમોક્રિટસ.

**સોફિસ્ટો અને સોક્રેટિસ**

**પ્લેટો અને એરિસ્ટોટલ :**

- પ્લેટો – જ્ઞાનમીમાંસા, જ્ઞાન અને અભિપ્રાય (મત), પ્રત્યયોનો સિદ્ધાંત; દ્વંદ્વાત્મક પદ્ધતિ; આત્મા અને ઈશ્વર.
- એરિસ્ટોટલ – વિજ્ઞાનોનું વર્ગીકરણ; સૈદ્ધાંતિક, વ્યાવહારિક અને ઉત્પાદિત; તર્કશાસ્ત્ર : એક સાધન; પ્લેટોના વિચારોની સમીક્ષા; આઇડિયા (ધ્યર્થ)નો સિદ્ધાંત; કાર્યકારણનો સિદ્ધાંત, સ્વરૂપ (આકાર) અને દ્રવ્ય, સંભવિતતા અને વાસ્તવિકતા, આત્મા અને ઈશ્વર.

**મધ્યકાલીન દર્શન :**

- સંત ઓગસ્ટિન : અનિષ્ટની સમસ્યા.
- સંત એન્સેલ્મ : સત્તામૂલક તર્ક.
- સંત થોમસ એક્વિનાસ : શ્રદ્ધા અને તર્કબુદ્ધિ; સારતત્ત્વ અને અસ્તિત્વ; ઈશ્વરનું અસ્તિત્વ.

**આધુનિક પાશ્ચાત્ય દર્શન :**

- **દેકાર્ત :** પદ્ધતિની વિભાવના; સત્યની કસોટી; સંદેહ અને પદ્ધતિસરનો સંશયવાદ, 'કોજિટો ઇર્ગો સમ' (હું વિચારું છું, તેથી હું છું); જન્મજાત વિચારો; કાર્ટેઝિયન દ્વૈતવાદ : મન અને દ્રવ્ય; ઈશ્વરના અસ્તિત્વ માટેની સાબિતીઓ; આંતરક્રિયાવાદ.
- **સ્પિનોઝા :** દ્રવ્ય, ગુણ અને પર્યાય; 'ઈશ્વર અથવા પ્રકૃતિ'ની સંકલ્પના, ઈશ્વર પ્રત્યેનો બૌદ્ધિક પ્રેમ, સમાંતરવાદ, સર્વેશ્વરવાદ; જ્ઞાનનાં ત્રણ સ્તરો.

- **લાઇબનીત્ઝ :** ચિદણુવાદ; તર્કબુદ્ધિ અને હકીકતનાં સત્યો; વિચારો જન્મજાત હોવાનો સિદ્ધાંત; ઈશ્વરના અસ્તિત્વ માટેની સાબિતીઓ; અવ્યાઘાતનો સિદ્ધાંત; પર્યાપ્ત કારણ અને અદૃશ્યોની ઓળખનો સિદ્ધાંત; પૂર્વ-સ્થાપિત સામંજસ્યનો સિદ્ધાંત; સ્વતંત્રતાની સમસ્યા.
- **લૉક :** વિચારો અને તેમનું વર્ગીકરણ; જન્મજાત વિચારોનું ખંડન; દ્રવ્યનો સિદ્ધાંત; પ્રાથમિક અને દ્વૈતીયિક ગુણો વચ્ચેનો ભેદ; જ્ઞાનમીમાંસા; જ્ઞાનના ત્રણ સ્તરો.
- **બર્કલે :** પ્રાથમિક અને દ્વૈતીયિક ગુણો વચ્ચેના ભેદનો અસ્વીકાર; અભૌતિકવાદ; અમૂર્ત પ્રત્યયોની સમીક્ષા; 'એસ્સે એસ્ટ પર્સિપી' (હોવું એટલે દૃશ્યમાન હોવું), અહંવાદની સમસ્યા; ઈશ્વર અને આત્મા.
- **હ્યુમ :** સંસ્કારો અને વિચારો; વિચારોના સંબંધો વિશેનું જ્ઞાન અને હકીકતો વિશેનું જ્ઞાન; આગમન અને કારણ; બાહ્ય જગત અને આત્મા; વૈયક્તિક અનન્યતા; તત્ત્વમીમાંસાનો અસ્વીકાર; સંશયવાદ; તર્કબુદ્ધિ અને આવેગો.
- **કાન્ટ :** સમીક્ષાત્મક દર્શન; નિર્ણયોનું વર્ગીકરણ; સંશ્લેષણાત્મક પ્રાગ્નુભવિ અથવા પ્રાક્ અનુભવિ નિર્ણયોની શક્યતા, કોપરનિકસ ક્રાંતિ, સંવેદનશીલતાના સ્વરૂપો, સમજણની કક્ષાઓ; કક્ષાઓનું તત્ત્વમીમાંસક અને અતીન્દ્રિય નિગમન; સંવૃત્તિ અને પરમાર્થ; તર્કબુદ્ધિના વિચારો : આત્મા, ઈશ્વર અને સમગ્ર વિશ્વ; કલ્પનાત્મક તત્ત્વમીમાંસાનો અસ્વીકાર.
- **હેગલ :** આત્માની સંકલ્પના, દ્વંદ્વાત્મક પદ્ધતિ; સત્, અસત્ અને ભવનની વિભાવના; નિરપેક્ષ પ્રત્યયવાદ; સ્વતંત્રતા.

## એકમ - ૩ : ભારતીય નીતિશાસ્ત્ર

- પુરુષાર્થ, શ્રેયસ્ અને પ્રેયસની વિભાવના
- વર્ણાશ્રમ, ધર્મ; સાધારણ ધર્મ
- ઋણ અને યજ્ઞ, કર્તવ્યની વિભાવના
- કર્મયોગ, સ્થિતપ્રજ્ઞ, સ્વધર્મ, લોકસંગ્રહ
- અપૂર્વ અને અદૃષ્ટ
- સાધ્ય-સાધન, ઇતિકર્તવ્યતા
- કર્મનો સિદ્ધાંત : નૈતિક ફલિતાર્થો
- ઋત અને સત્ય
- યોગ-ક્ષેમ
- અષ્ટાંગ યોગ
- જૈન દર્શન : સંવર-નિર્જરા, ત્રિરત્ન, પંચ-વ્રત.
- બૌદ્ધ દર્શન : ઉપાય-કૌશલ, બ્રહ્મ-વિહાર : મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા, બોધિસત્ત્વ
- ચાર્વાકનો સુખવાદ

## એકમ - ૪ : પાશ્ચાત્ય નીતિશાસ્ત્ર

- પ્રયોજનવાદી અને કર્તવ્યવાદી સિદ્ધાંતો મુજબ ઈષ્ટ, ઉચિત, ન્યાય, કર્તવ્ય, દાયિત્વ, મુખ્ય સદ્‌ગુણો, આત્મ-પૂર્ણતાવાદ, અંતઃપ્રજ્ઞાની વિભાવના.
- અહંવાદ, પરાર્થવાદ, સાર્વભૌમિકવાદ
- આત્મનિષ્ઠતાવાદ, સાંસ્કૃતિક સાપેક્ષતાવાદ, અતિ-પ્રકૃતિવાદ.
- નૈતિક યથાર્થવાદ અને અંતઃપ્રજ્ઞાવાદ,
- કાન્ટનો નૈતિક સિદ્ધાંત : નૈતિકતાની પૂર્વધારણાઓ, શુભસંકલ્પ, નિરુપાધિક આદેશ, કર્તવ્ય; સાધન અને સાધ્ય; સૂક્તિઓ.

- ઉપયોગિતાવાદ : ઉપયોગિતાનો સિદ્ધાંત; નૈતિકતાની સ્વીકૃતિ અને વાજબીપણાની સમસ્યા; ઉપયોગિતાવાદના પ્રકારો; બેન્થમ, જે. એસ. મિલ, સિજવિકના નૈતિક સિદ્ધાંતો
- દંડના સિદ્ધાંતો
- નૈતિક સંજ્ઞાનવાદ અને અસંજ્ઞાનવાદ : સંવેગવાદ, આદેશવાદ, વર્ણનવાદ

**એકમ - ૫ : સમકાલીન ભારતીય દર્શન**

**સ્વામી વિવેકાનંદ :** વ્યાવહારિક વેદાંત, સાર્વત્રિક ધર્મ, ધાર્મિક અનુભવ, ધાર્મિક અનુષ્ઠાન
**શ્રી અરવિંદ :** ઉત્ક્રાંતિ, મન અને અતિમનસ, સમગ્ર યોગ
**મુહમ્મદ ઇકબાલ :** આત્મા, ઈશ્વર, માનવ અને અતિમાનવ, બુદ્ધિ અને અંતઃપ્રજ્ઞા
**રવીન્દ્રનાથ ટાગોર :** માનવધર્મ, શિક્ષણ અંગેના વિચારો, રાષ્ટ્રવાદની વિભાવના
**કે. સી. ભટ્ટાચાર્ય :** વિચારોમાં સ્વરાજ, દર્શનની વિભાવના, સ્વતંત્રતા : એક વિષય, માયાનો સિદ્ધાંત.
**સર્વપલ્લી રાધાકૃષ્ણન :** બુદ્ધિ અને અંતઃપ્રજ્ઞા, જીવનનો આદર્શવાદી દૃષ્ટિકોણ, સાર્વત્રિક ધર્મની વિભાવના, જીવન પ્રત્યેનો હિંદુ દૃષ્ટિકોણ.
**જે. કૃષ્ણમૂર્તિ :** વિચારની વિભાવના; જ્ઞાતમાંથી મુક્તિ, આત્માનું વિશ્લેષણ, વિકલ્પશૂન્ય જાગરૂકતા
**મહાત્મા ગાંધી :** સત્ય, અહિંસા, સત્યાગ્રહ, સ્વરાજ, આધુનિક સભ્યતાની સમીક્ષા.
**ભીમરાવ આંબેડકર :** જાતિપ્રથાનું ઉન્મૂલન, હિંદુ ધર્મનું દર્શન, નવ-બૌદ્ધવાદ
**દીનદયાળ ઉપાધ્યાય :** એકાત્મ માનવવાદ, અદ્વૈત વેદાંત, પુરુષાર્થ
**નારાયણ ગુરુ :** આધ્યાત્મિક સ્વતંત્રતા અને સામાજિક સમાનતા, એક જાતિ, એક ધર્મ, એક ઈશ્વર.
**તિરુવલ્લુવર :** તિરુક્કુરલ
**જ્યોતિબા ફૂલે :** જાતિ-પ્રથાની સમીક્ષાત્મક સમજ.
**એમ. એન. રોય :** નવ્ય માનવતાવાદ, ભૌતિકવાદ
**મૌલાના આઝાદ :** માનવતાવાદ
**સંત કવિ ભીમા ભોઇ :** મહિમા ધર્મનો સામાજિક - નૈતિક પરિપ્રેક્ષ્ય
**સ્વામી દયાનંદ સરસ્વતી :** ભારતીય દર્શનની છ પ્રણાલિઓનો સમન્વય; ત્રૈતવાદ - (ઈશ્વર, જીવ અને પ્રકૃતિ)

**એકમ - ૬ : સમકાલીન પાશ્ચાત્ય દર્શન**

**વિશ્લેષણાત્મક અને ખંડીય દર્શન :**

**ફ્રેગે :** અર્થ અને સંદર્ભ
**તાર્કિક પ્રત્યક્ષવાદ :** અર્થની ચકાસણીનો સિદ્ધાંત, તત્ત્વમીમાંસાનું નિરસન, દર્શનની વિભાવના
**મૂર :** અર્થ અને સંદર્ભ વચ્ચેનો ભેદ, આદર્શવાદનું ખંડન, સામાન્ય-બુદ્ધિનો બચાવ, બાહ્ય-વિશ્વની સાબિતી.
**રસેલ :** તાર્કિક અણુવાદ, નિશ્ચિત વર્ણન, આદર્શવાદનું ખંડન

**વિટ્ગેન્સ્ટાઇન :** ભાષા અને વાસ્તવિકતા, તથ્યો અને વસ્તુઓ, નામ અને વિધાનો, ચિત્ર સિદ્ધાંત, ખાનગી ભાષાની આલોચના, અર્થ અને ઉપયોગ, જીવનના આકારો, દર્શનની ધારણા, વિટ્ગેન્સ્ટાઇનનો આસ્થાવાદ, ઓન સર્ટેનટી.
**ગિલ્બર્ટ રાઇલ :** યોજનાબદ્ધ રીતે ભ્રામક અભિવ્યક્તિઓ, કોટિ દોષ, મનની વિભાવના, કાર્ટેઝિયન દ્વૈતવાદનું ખંડન
**એ. જે. એયર :** જ્ઞાનની સમસ્યા
**ડબલ્યુ. વી. ઓ. ક્વાઇન :** અનુભવવાદના બે સિદ્ધાંત
**એચ. પી. ગ્રાઇસ અને પી. એફ. સ્ટ્રોસન :** હઠધર્મિતાના બચાવમાં
**સંવૃત્તિશાસ્ત્ર અને અસ્તિત્વવાદ :**
**હુસર્લ :** સાવૃત્તિક પદ્ધતિ, ચુસ્ત વિજ્ઞાન તરીકે દર્શનશાસ્ત્ર, આશય, સાવૃત્તિક અપચયન, આંતર-વૈયક્તિકતા
**હાઇડેગર :** અસ્તિત્વની વિભાવના, વિશ્વમાં માનવ અસ્તિત્વ, તકનીકી સભ્યતાની આલોચના
**કિર્કેગાર્ડ :** સત્ય તરીકે આત્મનિષ્ઠતા, આસ્થાની છલાંગ
**સાર્ત્ર :** સ્વતંત્રતાની વિભાવના, અશુદ્ધ આસ્થા, માનવતાવાદ
**માર્લો પાન્તિ :** પ્રત્યક્ષીકરણ, મૂર્ત ચેતના
**વ્યવહારવાદ :**
**વિલિયમ જેમ્સ :** અર્થ અને સત્યના વ્યવહારવાદી સિદ્ધાંતો, ધાર્મિક અનુભવની વિવિધતાઓ
**જહોન ડ્યુઈ :** સત્યની વિભાવના, સામાન્ય-આસ્થા, શિક્ષણ
**ઉત્તર-આધુનિકતાવાદ :**
**નિત્શે :** જ્ઞાનોદયની સમાલોચના, સત્તા માટેનો સંકલ્પ, નીતિની વંશાવલિ
**રિચર્ડ રોર્ટી :** પ્રતિનિધિત્વવાદની આલોચના, જ્ઞાન-મીમાંસાકીય પદ્ધતિની વિરુદ્ધ, ઉપદેશાત્મક દર્શન
**ઇમેન્યુઅલ લેવિનાસ :** નીતિશાસ્ત્ર : પ્રથમ દર્શન, 'અન્ય' નું દર્શન

### એકમ - ૭ : સામાજિક અને રાજકીય દર્શન : ભારતીય

**મહાભારત :** દંડનીતિ, આધાર, રાજધર્મ, કાયદો અને શાસન, રાજા યુધિષ્ઠિરને નારદના પ્રશ્નો
**કૌટિલ્ય :** સાર્વભૌમત્વ, રાજ્ય-વહીવટના સાત સ્તંભો, રાજ્ય-સમાજ, સામાજિક-જીવન, રાજ્ય વહીવટ, રાજ્યનું અર્થતંત્ર, કાયદો અને ન્યાય, આંતરિક સુરક્ષા, કલ્યાણ અને વિદેશી બાબતો
**કામંદકી :** સામાજિક વ્યવસ્થા અને રાજ્યનાં તત્ત્વો
બંધારણીય નૈતિકતા, બિનસાંપ્રદાયિકતા અને મૂળભૂત અધિકારો
બંધારણવાદ, સંપૂર્ણ ક્રાંતિ, આતંકવાદ, સ્વદેશી, સત્યાગ્રહ, સર્વોદય, સામાજિક લોકશાહી, રાજ્યનો સમાજવાદ, હકારાત્મક કાર્યવાહી, સામાજિક ન્યાય
સામાજિક સંસ્થાઓ : કુટુંબ, લગ્ન, સંપત્તિ, શિક્ષણ અને ધર્મ
સંસ્થાનવાદ

### એકમ - ૮ : સામાજિક અને રાજકીય દર્શન : પાશ્ચાત્ય

**પ્લેટો :** આદર્શ નગર રાજ્ય અને ન્યાય

**લોક, હોબ્સ, રુસો :** સામાજિક કરારનો સિદ્ધાંત
**ઇશાયાહ બર્લિન :** સ્વતંત્રતાની વિભાવનાઓ
**બર્નાર્ડ વિલિયમ્સ :** સમાનતાનો વિચાર
**ઉદારમતવાદ :** રોલ્સ; વિતરણાત્મક ન્યાય, નોઝિક; અધિકાર તરીકે ન્યાય, ડ્વોર્કિન; સમાનતા તરીકે ન્યાય; અમર્ત્ય સેન : વૈશ્વિક ન્યાય, સ્વતંત્રતા અને સક્ષમતા.
**માર્ક્સવાદ :** દ્વંદ્વાત્મક ભૌતિકવાદ, પરાયાપણું (અળગાપણું), મૂડીવાદની આલોચના, વર્ગસંઘર્ષ અને વર્ગવિહીન સમાજનો સિદ્ધાંત.
**સમુદાયવાદ :** ઉદારવાદી આત્માની સમુદાયપરક આલોચના, સાર્વત્રિકવાદ વિરુદ્ધ વિશિષ્ટવાદ, ચાર્લ્સ ટેલર, મેકઇન્ટાયર, માઇકલ સેન્ડલનો સિદ્ધાંત
**બહુસંસ્કૃતિવાદ :** ચાર્લ્સ ટેલર; ઓળખની રાજનીતિ, વિલ કાયમલિકા; લઘુમતી અધિકારની વિભાવના
**નારીવાદ :** મૂળભૂત વિભાવનાઓ : પિતૃસત્તા, સ્ત્રીદ્વેષ, લિંગ, નારીવાદના સિદ્ધાંતો : ઉદારવાદી, સમાજવાદી, ઉગ્રવાદી અને ઇકો-ફેમિનિઝમ

## એકમ - ૯ : તર્કશાસ્ત્ર

સત્ય અને પ્રમાણભૂતતા
વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ
વિધાનોનું સ્વરૂપ
નિરુપાધિક ન્યાયવાક્ય
વિચારના નિયમો
વિધાનોનું વર્ગીકરણ
પરંપરાગત વિરોધનું નિઃરસન
સત્યતા-ફલન અને વિધાનપરક તર્કશાસ્ત્ર
પરિમાણન અને પરિમાણનના નિયમો
પ્રતીકાત્મક તર્કશાસ્ત્ર : પ્રતીકોનો ઉપયોગ
નિર્ણય પ્રક્રિયાઓ : સત્યતા કોષ્ટક, દલીલોની પ્રમાણભૂતતા ચકાસવા માટે સત્યતા કોષ્ટકનો ઉપયોગ
વેન ડાયાગ્રામ, અનૌપચારિક અને ઔપચારિક તર્કદોષ
પ્રમાણભૂતતાની સાબિતી, દલીલ અને દલીલ-આકાર (સ્વરૂપ)
સ્વયંસિદ્ધ પ્રણાલી, સુસંગતતા, પૂર્ણતા
નિગમનાત્મક અને આગમનાત્મક તર્કશાસ્ત્ર વચ્ચેનો ભેદ

## એકમ - ૧૦ : અનુપ્રયુક્ત દર્શનશાસ્ત્ર

પ્રયોજિત દર્શનશાસ્ત્ર શું છે?
ટેકનોલોજીનું દર્શન; ટેકનોલોજી, પ્રભુત્વ, સત્તા અને સામાજિક અસમાનતાઓ
ટેકનોલોજીનું લોકશાહીકરણ
વિજ્ઞાન અને ટેકનોલોજીનું જાહેર મૂલ્યાંકન
ઇન્ફોર્મેશન ટેકનોલોજી, બાયો-ટેકનોલોજી, નોન-ટેકનોલોજીના નૈતિક ફલિતાર્થો

પર્યાવરણનું નીતિશાસ્ત્ર : સાધન કે સાધ્ય તરીકે પ્રકૃતિ, આલ્ડો-લિયોપોલ્ડ; ભૂમિ-નીતિશાસ્ત્ર, આર્ને નેસ : ગહન પરિસ્થિતિવિજ્ઞાન, પીટર સિંગર; પ્રાણીઓના અધિકારો

ચિકિત્સાક્ષેત્રનું નીતિશાસ્ત્ર : સરોગસી, ડૉક્ટર-દર્દીનો સંબંધ, ગર્ભપાત, ઇચ્છામૃત્યુ, કન્યા ભ્રૂણ-હત્યા

વ્યાવસાયિક નીતિશાસ્ત્ર : કોર્પોરેટ ગવર્નન્સ અને નૈતિક જવાબદારી

મીડિયા નીતિશાસ્ત્ર : ગોપનીયતા, સાયબર સ્પેસ, પોર્નોગ્રાફીમાં નૈતિક મુદ્દાઓ, પ્રતિનિધિત્વ અને મતભેદ-સીમાંતીકરણ

કાનૂની નીતિશાસ્ત્ર : કાયદો અને નૈતિકતા, કાનૂની દાયિત્વ, કાયદાની સત્તા અને માન્યતા

દાર્શનિક પરામર્શન : રોજિંદી સમસ્યાઓનું વ્યવસ્થાપન

******